સુપાત્ર દાન

(ગોચરી વહોરાવવા સંબંધિ વિધિ - સમજણ)

મુનિ ભવ્યસુંદરવિજય



Jitarya Print - 9909866145

॥ નમો લોએ સવ્વસાહૂણં ॥

અહો ! દાનમ્ !

- નયસાર(પ્રભુવીરનો આત્મા) સુપાત્રદાનથી સમ્યક્ત્વ પામ્યા.
- ધન સાર્થવાહ (પ્રભુ ઋષભદેવનો આત્મા) ઘીના સુપાત્રદાનથી સમ્યક્ત્વ પામ્યા.
- ગોવાળનો દીકરો સંગમ ખીરના સુપાત્રદાનથી શાલિભદ્ર બન્યો. રોજની ૯૯ પેટી દેવલોકથી ઉતરતી.
- ઘીના સુપાત્રદાનથી શેઠ, કયવન્ના શેઠ બન્યા.
- દૂધના સુપાત્રદાનથી નળરાજા ત્રણ ખંડનું રાજ્ય પામ્યા.
- સુપાત્રદાનથી ભીમસેન પોતાની ગુમાવેલ સંપત્તિ અને સત્તા-રાજ્ય પાછું પામ્યા.
- જીરણ શેઠ સુપાત્રદાનની ભાવનાથી બારમો દેવલોક પામ્યા.
- ૯ લાડવા વહોરાવવાથી શેઠ ૯ ક્રોડ સુવર્ણના માલિક બન્યા.
- વહોરનાર બળદેવ મુનિ, વહોરાવનાર કઠિયારો અને તેમની અનુમોદના કરનાર હરણ ત્રણે પાંચમા દેવલોકે ગયા.

શ્રાવક પહેલાં સાધુ ભગવંતને વહોરાવીને
પછી જ પોતે ખાય.
ગામમાં કોઈ સાધુ ભગવંતો ન હોય તો
ચારે દિશામાં કોઈ સાધુ ભગવંતો આવી રહ્યા છે ?
તે જોઈને પછી જ જમે.

- ઉપદેશમાળા , પૂ. ધર્મદાસગણિ

કોઈ પુણ્યશાળીના ઘરે જ,
દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નો,
સાધુનું રૂપ ધરીને આહાર લેવા આવે છે.

- પુષ્પમાળા, હેમચંદ્રસૂરિ મ.

આરોગ્ય, સૌભાગ્ય, ઐશ્વર્ય, વૈભવ અને દેવલોક
આ સુપાત્રદાનના અન્ય ફળો છે.

- પુષ્પમાળા, હેમચંદ્રસૂરિ મ.

વિહાર કરીને આવેલા, બિમાર, જોગ કરી રહેલા,
લોચ કરનાર અને અત્તરવાયણું કરનારને
વહોરાવવાથી વિશિષ્ટ ફળ મળે છે.

- પુષ્પમાળા, હેમચંદ્રસૂરિ મ.

સુપાત્રદાન

-: સંકલનકાર :-

રાજપ્રતિબોધક પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય

રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય

મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.

-: પ્રકાશક :-

શ્રમણોપાસક પરિવાર

-: પ્રાપ્તિસ્થાન :-

ભાવેશભાઈ - 94288 32660

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈનસંઘ

આવૃત્તિ - દ્વિતીય વેચાણ કિંમત રૂા. ૨/- **વિ. સં. ૨૦૭૪**

આ પુસ્તકની હિંદી આવૃત્તિ પણ ઉપલબ્ધ છે.

।। પ્રસ્તાવના ।।

પ્રભુશાસનમાં સુપાત્રદાનનો મહિમા અનેરો છે. અનેક દૃષ્ટાંતો દ્વારા સુપાત્રદાનનો પ્રચંડ પ્રભાવ પ્રસિદ્ધ થયેલો છે અને એટલે જ વર્તમાનકાળે પણ શ્રાવકવર્ગમાં સુપાત્રદાન માટે ભરપૂર ઉલ્લાસ જોવા મળે જ છે. ગોચરી જનાર પ્રત્યેક સાધુને શ્રાવકોની અપાર ભક્તિનો અનુભવ થયા વિના રહેતો નથી.

સાથે સાથે અણસમજ અને અવિવેકના કારણે ખટ-મીઠાં અનુભવો પણ થાય છે, જેમ કે

- મહાત્મા ઘરે પધારતાં જ ફટાફટ લાઈટ - પંખા - ગેસ બંધ કરી દેવાય છે.
- રસોડામાં અંધારું હોય તો લાઈટ ચાલુ કરાય છે.
- કેળું લેવાની હા પાડીએ, તો છાલ સાથે વહોરાવવા તૈયાર થાય.
- છાલ ગોટલા સાથેની કેરીની વિંનતી કરે.. વિ.વિ.

ઘણીવાર થતું કે આ બધાને સમજણ શી રીતે આપવી ?

ઋષભદેવ ભ. ના ચરિત્રમાં પહેલા ધન સાર્થવાહના ભવમાં ધન પણ આચાર્ય ભગવંતને છાલ - ગોટલા સાથેની કેરીની જ વિનંતી કરે છે અને આચાર્ય ભગવંત તેને સમજાવે છે કે સાધુ ભગવંતો પ્રાસુક (અચિત્ત) અને એષણીય (નિર્દોષ) ગોચરી જ વહોરે. આ પ્રસંગના વર્ણન વખતે પ્રવચનમાં ગોચરી સંબંધી સમજણ દાદર - આરાધના ભવન, ગોરેગામ - જવાહરનગર, મુલુંડ - સર્વોદયનગર, કાંદિવલી - દહાણુકરવાડી

સંઘમાં ચાતુર્માસ દરમ્યાન આપતો હતો. સભામાંથી અનેક પ્રશ્નો પણ થતાં.

કાંદિવલી ચાતુર્માસમાં એક શ્રાવકે વિનંતી કરી. 'પ્રવચનમાં મર્યાદિત વર્ગ આવે છે. આનું પુસ્તક છપાય તો બાકીના શ્રાવકોને પણ સમજણ મળે. આપ લખો, મને પુસ્તકનો લાભ આપો.' માંગણી યોગ્ય જણાતાં લખાણ કર્યું.

ત્યારબાદ આ જ વિષય પરનું પૂ.મુ. શ્રી ન્યાયરત્નવિજયજી મ.સા. નું પુસ્તક 'સુપાત્રદાન – વિવેક' એક શ્રાવકે આપ્યું. તેમાંથી પણ બે – ત્રણ મુદ્દા ઉમેરીને એ લખાણ પૂર્ણ કર્યું. પરમોપકારી પ.પૂ. આ.ભ. શ્રીમદ્‌વિજય મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા. ને એ લખાણ મોકલ્યું, તેઓશ્રીએ તેને સુધારીને સુંદર કર્યું. જે લાભ લેનાર શ્રાવકને સુપરત કર્યું.

આ લખાણ વાંચીને શ્રાવકો સુપાત્રદાન માટે વધુ ઉલ્લસિત બને, વિવેકવંત બને અને ઉત્તમ લાભને પામે એ જ શુભાભિલાષા..

પરમપાવન જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ. ભવ્યસુંદરવિ.
મા. સુ. ૩, વિ. સં. ૨૦૭૧
દાદર – આરાધના ભવન

પ્રકરણ - ૧

સુપાત્રદાન - ભાવના

૧. સુપાત્રદાનનો લાભ લેવાની ભાવનાવાળો શ્રાવક પોતાનું ઘર ઉપાશ્રયની નજીક અને જૈનોની વસતિ ભરપૂર હોય ત્યાં જ લે.

ઘણાં શ્રીમંતો ઉપાશ્રયથી ૧-૧ાા કિલોમીટર દૂર (હાઈ ! સોસાયટીમાં) કે મોટા ટાવરમાં ૨૦-૨૨ મા માળે (હવા ખાવા !) ઘર લે છે અને પછી ફરિયાદ કરે છે '' અમને મહાત્માનો લાભ મળતો નથી !'' ત્યારે કહેવાનું મન થાય કે ''ભલા માણસ ! મહાત્માનો લાભ મળે એવી ભાવના હતી, તો આટલે દૂર કે આટલે ઉપર રહેવા શા માટે ગયો ?''

સુપાત્રદાન જેવા પ્રકૃષ્ટ પુણ્યબંધ કરાવનાર - પરલોકને સુધારી દેનાર સુકૃત સામે હવા કે હાઈ સોસાયટીની શું કિંમત ? અરે ! કહેવાનું મન થાય કે ઉપાશ્રયની નજીકમાં જગ્યા મોંઘી હોય, દૂર સસ્તી હોય તો પણ - થોડી અગવડ વેઠીને નાની જગ્યા લઈને પણ - ભાવનાશીલ શ્રાવક ઉપાશ્રયની નજીક જ રહે !

જે મકાનમાં થોડા દાદર ચડતાં જ જૈનોના પુષ્કળ ઘર મળતાં હોય ત્યાં ગોચરી સુલભ બનવાથી મહાત્માનો લાભ વારંવાર મળતો હોય છે. જે મકાનમાં જૈનોના ઘર ઓછા હોય અથવા ૧-૧ માળે ૧-૧ ઘર હોય તે મકાન ઉપાશ્રયની નજીક હોય તો પણ મહાત્માનો લાભ ઓછો - ક્વચિત જ મળતો હોય છે. એટલે ભાવનાશીલ શ્રાવકે જૈનોની પુષ્કળ વસ્તીવાળા મકાનમાં રહેવું જોઈએ.

ઉપાશ્રયની નજીક અને જૈનોના વસ્તીવાળા મકાનમાં રહેવાના બીજા પણ અનેક લાભો છે જ - જેમ કે બાળકોમાં સંસ્કરણ, પરિવારમાં ધર્મવૃદ્ધિ, કલ્યાણમિત્રોનો સંગ વગેરે.

૨. ચાતુર્માસમાં વરસાદથી મકાનના કંપાઉન્ડમાં રહેલ સિમેન્ટના કોબા કે પેવર બ્લોકસ પર લીલ થઈ જતી હોય છે. જે નિગોદ છે, તેમાં કણે કણે અનંતા જીવો છે. તેના પર ચાલવાથી તમને તો અનંતા જીવોની વિરાધનાનું પાપ લાગે જ છે; ઉપરાંત મહાત્માઓ પ્રાયઃ કરીને આવા મકાનમાં ગોચરી વહોરવા જતા નથી, તેથી તમે સુપાત્રદાનના લાભથી વંચિત રહી જાવ છો.

આ બંને નુકસાનથી બચવા, વરસાદ પડતાં પૂર્વે જ મકાનના કંપાઉન્ડમાં સફેદ પટ્ટો કરાવવાથી જયણાનું પાલન થવા ઉપરાંત સુપાત્રદાનનો લાભ મળે છે.

તા.ક. પુષ્કળ વરસાદ પડતો હોય તેવા મુંબઈ જેવા ક્ષેત્રમાં ઓઈલ પેઈન્ટનો પટ્ટો ટકતો નથી. તેના બદલે વોટર પ્રુફીંગના કેમિકલને વ્હાઈટ સિમેન્ટ સાથે ભેળવીને લગાડેલો પટ્ટો લાંબો સમય ટકે છે.

૩. હાઈ (!) સોસાયટીમાં સિક્યુરિટીનો સ્ટાફ, મહાત્માને મકાનમાં જવા દેતો નથી, ''કોના ઘરે જવું છે?'' એમ પૂછે છે અને પહેલા ફોનથી પૂછીને પછી જ જવા દે છે. સંયમી મહાત્માઓ તો આવા ફોનની વિરાધનાથી બચવા એવા મકાન જ છોડી દે છે.

વાસ્તવમાં શ્રાવક તો પોતાના વોચમેનને એ રીતે ટ્રેનિંગ આપે કે મહાત્મા પધારે તો અટકાવવા નહીં. પૂછવું નહીં; પણ આવકાર આપવો અને સામેથી જૈનોના ઘર બતાવવા.

ઉપાશ્રયની નજીક રહેતાં એક શ્રાવકે પોતાના વોચમેનને કહી રાખેલું ''કોઈ પણ મહારાજ સાહેબ રોડ પરથી નીકળે તો પધારવાની વિનંતી કરવી, મારું ઘર બતાવવાનું. મારા ઘરે લઈ આવીશ, તો ૫૦ રૂા. બક્ષિસ!''

૪. મહાત્માના ગોચરીના સમયે ભાવનાશીલ શ્રાવક પોતાના ઘરના

દરવાજા ખુલ્લા જ રાખે. ખુલ્લા ન જ રાખી શકાય તેમ હોય તો જાળી જ બંધ રાખે, જેથી ' ધર્મલાભ' ની બૂમ સંભળાયા વિના ન રહે.

દરવાજો ખટખટાવી શકાય એવી સગવડ અવશ્ય રાખે અને ખટખટાવતાં સંભળાય એવી જ રચના કરે. કોઈ શ્રાવકો તો ઘરની અંદર લટકાવેલ ઘંટડીની દોરી બહાર લટકતી રાખે છે, જેથી સહેલાઈથી સંભળાય.

આવી ગોઠવણ નહીં હોય તો શકય છે કે તમે ઘરમાં હોવા છતાં અનેકવાર તમારા આંગણે પધારેલ મહાત્મા પાછા ગયા હશે, અને જશે !

અને મહાત્મા પાછા જાય ત્યારે મહાત્મા નથી જતાં પુણ્ય જઈ રહ્યું છે !

૫. શ્રાવક અભક્ષ્ય વસ્તુઓ વાપરે જ નહીં. મીઠાઈ – ફરસાણ – છુંદો – પાપડ વગેરે ઘરે જ બનાવે, તૈયાર ન લાવે, તે તેનો આચાર છે અને તો જ મહાત્માનો લાભ મળી શકે. આવા ઉત્તમ ગણાતાં દ્રવ્યો બનાવવાની આળસના કારણે તૈયાર લાવતાં શ્રાવિકાઓ, મહાત્માનો લાભ મેળવીને પોતાનો સ્ત્રી – અવતાર સફળ કરવાની તક ચૂકી જાય છે.

કદાચ એ શકય ન જ બની શકતું હોય, તો પણ કમ સે કમ રોટલી – દાળ – ભાત – શાક અને દૂધ, આ પાંચ અતિ જરૂરી દ્રવ્યો તો હંમેશ માટે ભક્ષ્ય જ હોય ને ? ઘરે આવેલ મહાત્માને આટલી વસ્તુ પણ વહોરાવી ન શકાય, એટલી બેદરકારી તો ન જ હોય ને ?

દા.ત. ● ફાગણ ચોમાસી પછી દાળમાં કોથમીર ન જ હોય.

● દૂધ ફ્રીઝમાં ન જ રાખે.

કોઈ ખાસ કારણ વિના, માત્ર સ્વાદને ખાતર રોટલી – દાળ – ભાત

– શાક પણ અભક્ષ્ય બનાવે, તેને મહાત્માનો લાભ લેવાની ભાવના છે કે નહીં ? તેની જ શંકા થાય !

૬. ઘરે આવેલા મહેમાનને રસોઈ પીરસો અને પાણી ન આપો, તો કેવું લાગે ?

મહાત્માને ''ભાત-પાણીનો લાભ દેશોજી '' કહ્યા પછી મહાત્મા તમારા ઘરે પધારે અને ઉકાળેલા પાણી માટે પૂછે, તો મળે ખરું ને ?

અલબત્ત, સાધુ ભ. માટે પાણી ઉકાળો, એવું કહેવાનો આશય નથી અને એવું કરશો તો ઘરોમાંથી પાણી વહોરનારા મહાત્માઓ મોટે ભાગે નિર્દોષ પાણીના ખપી હોવાથી વહોરશે પણ નહીં.

વાસ્તવમાં શ્રાવક સચિત્તનો સર્વથા ત્યાગી હોય. છેવટે, ઘરમાં પાણી તો ઉકાળેલું જ પીએ અને તો ઉત્તમ સંયમી મહાત્મા પધારે તો સહજ લાભ મળી જાય. કયારેક તપસ્વી સાધર્મિકોનો પણ લાભ મળે. આરોગ્ય પણ સારું રહે, તે નફામાં..

ગોચરી કરતાં પણ અપેક્ષાએ પાણીનો લાભ વધુ મોટો છે. !!

૭. મોટે ભાગે મહાત્માઓ જૈનોના ઘરે જ ગોચરી માટે પધારે છે એટલે બહાર, '' આ જૈન શ્રાવકનું ઘર છે'' એમ જણાઈ જ આવે, તેવી વ્યવસ્થા ભાવનાશીલ શ્રાવક કર્યા વિના ન રહે. દરવાજા પર અષ્ટમંગલની પાટલી કે ''જૈનમ્ જયતિ શાસનમ્ '' અથવા '' જય જિનેન્દ્ર'' નું સ્ટીકર એ શ્રાવકના ઘરને ઓળખવાની સરળ નિશાની છે.

૮. જમવા બેસતાં પૂર્વે શ્રાવક અવશ્ય યાદ કરે. ''આજે મહાત્માનો લાભ મળ્યો ?'' મળ્યો હોય તો દિવસ ધન્ય માને, ન મળ્યો હોય તો વાંઝિયો માને.

પ્રકરણ - ૨

સુપાત્રદાન - વિનંતી

દરેક શ્રમણોપાસક શ્રાવક પોતાની નજીકમાં બિરાજમાન શ્રમણ ભગવંતના દર્શન - વંદનાર્થે અવશ્ય જાય અને પોતાને લાભ આપવાની વિનંતી કરે જ.

૧. ''ભાત - પાણીનો લાભ દેશોજી.'' આ વાકયમાં 'ભાત'નો અર્થ માત્ર ''ભાત'' નથી; રોટલી વિ. સર્વ પ્રકારનો આહાર છે. તેમ ''ભાત - પાણી'' નો અર્થ માત્ર આહાર - પાણી નથી; પણ વસ્ત્ર - પાત્ર - ઔષધ વગેરે બધું જ છે.

આ બધી વસ્તુઓની જરૂર ગમે ત્યારે - રાત્રે પણ પડી શકે છે. અને સામાયિક - પૌષધમાં રહેલ શ્રાવક પણ વહોરાવી શકે છે. એટલે શ્રાવકે કોઈપણ સમયે (સાંજે પણ) વંદન કરતી વખતે આ વાકય અવશ્ય બોલવાનું છે. પોતે સામાયિક - પૌષધમાં હોય તો પણ...

૨. વંદન દરમિયાન ''ભાત - પાણીનો લાભ દેશોજી'' કહ્યા પછી, વંદન પૂરું થયા પછી વસ્ત્ર - પાત્ર - ઔષધ - સ્ટેશનરી વિ. સર્વ વસ્તુઓના લાભની યથાશકિત માંગણી કરવી જોઈએ અને અન્ય કોઈ કામકાજ - પત્ર મોકલવો , કોઈ વસ્તુ મંગાવવી વિ. હોય તો પણ પૂછવું જોઈએ.

પૂછનારને પહેલો લાભ મળે તે સહજ છે. દવાનો ખપ હોવા છતાં, વંદન કરીને ચાલ્યા જનાર શ્રાવકને સાધુ ન કહે તે શકય છે, કારણ કે તેની શકિત - ભાવના - અનુકૂળતાનો ખ્યાલ ન આવે. લાભ માગનારની ભાવના જણાઈ આવે છે, તેથી સાધુ ભગવંત તેમને સરળતાથી લાભ આપે છે. અને હા, કદાચ લાભ ન મળે, તો પણ, પૂછનારને પુણ્ય તો બંધાય જ છે!

૩. ઘણાં શ્રાવકો ગોચરીની વિનંતી કર્યા પછી પૂછે છે - ''કાલે/બપોરે/સાંજે અમારે ત્યાં પધારશો ?'' આવું પૂછવું તે અવિવેક છે. વિનંતી કરવાનો શ્રાવકનો આચાર છે, પૂછવાનો અધિકાર તેમને નથી અને શ્રમણ ભગવંતોનો એ આચાર નથી કે તેઓ જણાવી દે કે '' હું કાલે/બપોરે આવીશ..'' તેમનો પ્રત્યુત્તર હંમેશા '' વર્તમાન જોગ'' જ રહેવાનો..

ઘણીવાર શ્રાવકો આ વાતને સમજતા જ નથી અને હા પડાવવાનો આગ્રહ રાખે છે. તેમણે સમજવું જોઈએ કે સાધુ ભગવંતો કદી તેવું વચન આપી શકતા નથી.. વાસ્તવમાં તો તેઓ નક્કી પણ કરી શકતા નથી કે ''આવતીકાલે આમને ત્યાં જઈશ.'' તો કહી તો ક્યાંથી શકે ?

૪. ઘણા શ્રાવકો ગોચરીની વિનંતી કર્યા પછી પૂછે છે, ''સાહેબજી, લેવા આવું ?'' આમ પૂછવું તે અવિવેક છે. ગોચરીના સમયે લેવા આવવું, એ શ્રાવકનો આચાર છે. અને તેવી ભાવના હોય તો આવી જવું જોઈએ, પૂછવાની જરૂર નથી.. પૂછવામાં આવે તો મહાત્મા ના પાડી શકે નહીં - કારણ કે લેવા આવવું તે શ્રાવકનો આચાર હોવાથી તેનો નિષેધ કરી શકાય નહીં, તેમ હા પણ પાડી શકે નહીં, કારણ કે તેમ કરવામાં શ્રાવક આવવામાં જે વિરાધના કરે, તેનો દોષ લાગે ; વળી શ્રાવક ખાસ દોષિત વસ્તુ બનાવે તેવું પણ બને..

વાસ્તવમાં ''લેવા આવું ?'' એમ પૂછવા પાછળનો આશય એ હોય છે કે '' આપ પધારશો તેવું નક્કી હોય તો જ લેવા આવું !'' આ રીતે શ્રમણ ભગવંતોને બાંધી શકાય નહીં.

સમય પર લેવા જનારને લાભ મળવાની શકયતા ઘણી વધુ હોય છે, અને કદાચ મહાત્મા ન પધારે તો પણ જીરણ શેઠની જેમ ભાવના - વિનંતીના કારણે પુણ્ય અવશ્ય બંધાય છે. સમય બગડતો નથી, જનમ સુધરી જાય છે !

૫. બહુ ઓછા ઘરોમાં સાંજના સમયસર રસોઈ થતી હોય છે. એટલે જેમને ત્યાં બિઆસણાં હોય : ઘણાંને/બધાંને રાત્રિભોજન ત્યાગ હોય અને એટલે રસોઈ વહેલી બની જ જતી હોય, તો તેઓએ ખાસ વિનંતી કરવી જોઈએ, કારણ કે તેમને લાભ મળવાની શકયતા ઘણી વધુ છે.

૬. ઘરે અથવા હોલમાં, ધાર્મિક કે સાંસારિક કોઈ પણ પ્રસંગે જમણવાર હોય અને તેમાં શુદ્ધ/કલ્પ્ય દ્રવ્યો હોય તો (બીજા દ્રવ્યો અકલ્પ્ય હોય તો પણ) સાધુ ભગવંતો વહોરી શકે છે. આવા વિશિષ્ટ - ઉત્તમ દ્રવ્યોનો મોટા પ્રમાણમાં નિર્દોષ લાભ મળે તેવી દુર્લભ અને અમૂલ્ય તક કયો શ્રાવક ચૂકે? આવા અવસરે તો ખાસ મહાત્માને વિનંતી કરવી, ''અમારે ત્યાં જમણવાર છે, લાભ આપવા પધારો.''

બધા દ્રવ્યો કલ્પ્ય જ બનાવવા, એ શ્રાવકનો આચાર છે. પણ કોઈક ચીજ અભક્ષ્ય હોય તો પણ બાકીનું સાધુ ભગવંતો વહોરી જ શકે છે.

૭. બહારનું/તૈયાર/હોટલનું નહીં ખાવાની ટેકવાળા શ્રાવકો યાત્રા કે પ્રવાસ દરમિયાન મીઠાઈ - નાસ્તા વિ.ના ડબા રાખતા હોય છે. કયારેક તેનાથી વિહારમાં રહેલા, કે જયાં નિર્દોષ ગોચરી દુર્લભ હોય તેવા સ્થળ - વિહારધામ વિ. માં રહેલા સંયમી મહાત્માઓનો ઉત્તમ કોટિનો લાભ મળી શકે ; જો યાદ રાખીને વિનંતી કરવામાં આવે તો.. એટલે યાત્રા વિ. કરવા જાવ ત્યારે સાથે ભાતું હોય તો ઉપાશ્રયે જઈને સાધુ - સાધ્વી ભગવંતોને અવશ્ય વિનંતી કરવી...

પ્રકરણ - ૩

સાથે જવું

શ્રાવક વિનંતી કરીને મહાત્માને પોતાના ઘરે તો લઈ જ જાય, સાથે બીજા ઘરો પણ બતાવે, સાથે જાય, છેક ઉપાશ્રય સુધી આવે.. એ વખતે આટલું ધ્યાન રાખવું.

૧. મહાત્મા તમારા ઘર તરફ આવી રહ્યા છે, એવી ખબર પડે, તો ઉત્સાહમાં આવીને મોબાઈલ દ્વારા ઘરે જાણ કરશો, તો શકય છે કે સંયમની કાળજીવાળા મહાત્મા, આવી વિરાધનાના કારણે તમારા ઘરે આવવાનું જ માંડી વાળે.. એટલે એવો અતિરેક કરવો નહીં.. તેવું જ આસપાસના ઘરોમાં જણાવવા અંગે પણ સમજી લેવું.

૨. રસ્તો બતાવવાના કારણ સિવાય મહાત્માની આગળ ન ચાલવું; પાછળ ચાલવું, એ વિનય છે.

૩. કોઈ ઘરે ડોરબેલ ન વગાડવી. જરૂર પડચે દરવાજો ખટખટાવાય.

૪. રસ્તામાં ઘાસ – પાણી – લીલ વિ. આવે તો તેના પરથી ન ચાલવું.

ઘણીવાર શ્રાવકો મહાત્માને ચેતવે છે. ‘‘સાહેબજી, અહીં પાણી છે, આ બાજુથી પધારો..’’ અને પછી પોતે તે જ પાણી પરથી ચાલે! ભાઈ! પાણી પર ચાલવામાં મહાત્માને જ પાપ લાગે, તેવું નથી; બધાને લાગે છે ! એટલું જ નહીં , મહાત્માને રસ્તો બતાવી રહેલ વ્યકિત વિરાધના કરે, તો મહાત્માને પણ લાગે ! એટલે તે માટે કાળજીવાળા બનવું.

૫. બહારથી જ ‘‘ રસોઈ તૈયાર છે ? રોટલી થઈ ગઈ છે ? જોગ છે ? ખપે એવું છે ?’’ જેવા પ્રશ્નો કોઈને ન કરવા. ‘‘ મહારાજ સાહેબ પધાર્યા છે’’ એટલી જાણ કરવી. બાકી જે પૂછવું હશે તે મહાત્મા પૂછશે.

૬. મહારાજ સાહેબ સાથે બીજા કોઈના રસોડા સુધી જવું નહીં, તેમાં અનૌચિત્ય છે. બહાર ઊભા રહેવું.

૭. કોઈ દ્રવ્યની (દા.ત. દાળની) વિનંતી કરે તો ''આમાં કોથમીર નાખી નથી ને ?'' તેવા પ્રશ્નો કરવા નહીં. એ આચાર મહાત્માનો છે. તેમને જરૂર લાગશે તો પૂછશે.

તે રીતે ''આ ન ખપે'' એમ પણ કહેવું નહીં. તેમ કદાચ મહાત્માએ એક ઘરે કોઈ વસ્તુની (દા.ત દૂધ) યાચના કરી હોય તો બીજા ઘરે તમારે જ પૂછવું નહીં કે '' દૂધ છે ?''

આ બધો આચાર મહાત્માનો છે અને તેઓ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ (સામેની વ્યકિત - તેની સ્થિતિ -ભાવના) વિ. જોઈને પૂછવા જેવું હશે, તે પૂછશે.

૮. કંદમૂળ ખાનારના ઘરે મહાત્માઓ ન જ જાય, તેવો કોઈ નિયમ નથી. તેમના ઘરેથી રોટલી - ભાત - દૂધ જેવી વસ્તુઓ કે કંદમૂળ ન હોય તેવા દાળ - શાક મહાત્માઓ વહોરી જ શકે છે. એટલે તેવા ઘરે પણ મહાત્મા જવા તૈયાર હોય તો લઈ જવા.. ''આ લોકો કંદમૂળ ખાય છે'' એમ કહીને ના ન પાડવી. તેમ અંતરાય (M.C.) નું પાલન ન કરનારાને ત્યાં પણ બાકીના દિવસોમાં મહાત્માઓ વહોરી શકે છે.

૯. સ્થાનકવાસી - દિગંબર કે અજૈનો પણ મહાત્માને આવકારવા તૈયાર હોય તો તેમને ત્યાં લઈ જવા.

વાસ્તવમાં તો તમારા મકાનમાં રહેતાં (જૈનો ઓછા હોય તો ખાસ) ભદ્રિક અજૈનોને સમજાવી શકાય કે ''અમે તો એક જ ઘરેથી બધું વહોરાવી દઈએ; પણ અમારા મહાત્માઓ એવી રીતે થોડું થોડું જ વહોરે છે કે કોઈને ફરી બનાવવું ન પડે. એટલે જ તેઓ ઘણાં બધા ઘરોમાં જાય છે. તમારી ભાવના હોય તો તમને પણ લાભ મળી શકે.'' અને પછી ઈચ્છા જણાવે તો શેની વિનંતી કરવી, શું વહોરાવવું વિ. સમજાવી શકાય.

આમ કરવાથી તેઓ પણ પુણ્ય બાંધે, મહાત્મા પ્રત્યેના સદ્‌ભાવથી બોધિબીજ પામે તેવું બની શકે. વળી મહાત્માને નિર્દોષ ગોચરી સરળતાથી મળવાથી વારંવાર લાભ મળશે.

પ્રકરણ - ૪

સ્વાગત

આ કાળમાં શ્રમણ ભગવંતોથી વધુ ગુણવાન આ જગતમાં કોઈ નથી. તેઓ પોતાના આંગણે પધારે, તેનાથી વધુ આનંદનો અવસર શ્રાવકને માટે કયો હોઈ શકે ? શ્રાવક ભકિત - ભરપૂર હૃદયે તેમનું સ્વાગત કરે.

૧. મહાત્મા પધારે ત્યારે સહુએ ઊભા થવું, સામે લેવા જવું, ‘‘પધારો’’ વિ. શબ્દોથી સ્વાગત કરવું, એ વિનય છે. અને મહાત્મા પધારે તો પણ છાપું જ વાંચતા રહેવું, ટી.વી. જોતાં રહેવું, ટેલિફોન પર વાતો કરતાં રહેવું તે મહાત્માનો અવિનય છે, અનાદર છે, આશાતના છે.

૨. ઘરમાં લાઈટ - પંખા વિ. જે તમારા નિમિત્તે જ ચાલુ હતા, તેને માત્ર ‘‘મહારાજ સાહેબ આવ્યા છે’’ એટલે બંધ કરવાની જરૂર નથી. તમારા નિમિત્તે ચાલી રહેલા પંખા વિ. નીચે માત્ર ગોચરી વહોરવા પૂરતા ઊભા રહેવામાં મહાત્માને કોઈ દોષ લાગતો નથી. ઊલ્ટું, તેમના નિમિત્તે બંધ કરશો, તો શકય છે કે તેઓ વહોર્યા વિના જ ચાલ્યા જાય. અલબત્ત, અંધારું હોવાના કારણે લાઈટ વિ. ચાલુ પણ કરવા નહીં.

હા, મહાત્મા પધારે ત્યારે ટી.વી./રેડિયો વિ. બંધ કરી દેવા, તે ઔચિત્ય છે.

૩. દરવાજાથી રસોડા સુધીના રસ્તામાં કદાચ પાણી કે વનસ્પતિ (ભાજી, શાક, અનાજના દાણાં વિ.) પડયા હોય તો ખસેડવા નહીં, પાણી લૂછવું નહીં . મહાત્મા થોડું ફરીને આવશે. કાળજીપૂર્વક પગ મૂકીને આવશે. ચોમાસામાં જરૂરી હશે તો પાણી પર પગ મૂકીને પણ આવશે. પરંતુ ખસેડવામાં કે લૂછવામાં તો વધુ વિરાધના છે, મહાત્મા વહોર્યા વિના જ ચાલ્યા જાય તેવી સંભાવના છે.

કદાચ પોતું કર્યું હોય – ભીનું હોય તો પંખો કરીને સૂકવવું નહીં. બીજા ઘરે જઇને આવે તેટલી વારમાં સહજ સૂકાઇ જાય તો મહાત્મા પધારી શકે છે; પણ પંખો કરીને સૂકવશો તો કદાચ પધારશે જ નહીં.

૪. મહાત્મા પધારે ત્યારે ગેસ ચાલુ હોય તો મહાત્માના નિમિત્તે બંધ કરવો નહીં. હા, દાળ – દૂધ – ચા ઉભરાઇ જતાં હોય કે તેવા બીજા કોઇ કારણે બંધ કરવો પડે, તેમાં મહાત્માને કંઇ દોષ નથી. પણ, ‘‘ચાલુ ગેસ પર રહેલ વસ્તુ મહારાજ સાહેબ નહીં વહોરે’’ એમ માનીને ગેસ બંધ કરશો, તો શકય છે કે મહાત્મા કશું જ વહોર્યા વિના ચાલ્યા જાય..!

૫. મહાત્માનો મુખ્ય આચાર જયાં રસોઇ પડી છે, ત્યાંથી જ વહોરવાનો છે એટલે ખાસ કારણ વિના બધી રસોઇ બહાર લાવવી નહીં.

૬. ઘણીવાર મહાત્મા પધાર્યાના આનંદ – ઉત્સાહમાં ઉતાવળ – દોડાદોડી થતી હોય છે. તેમાં કંઇક પડી જાય, ઢોળાય, ફૂટે, કોઇને વાગે તેવું બને છે. ઉત્સાહ અનુમોદનીય છે; પણ ઉતાવળ ન કરવી, ધીરજથી કામ લેવું.

૭. મહાત્મા ચતુર્થ વ્રતના ધારક છે. વિજાતીયનો પડછાયો પણ લેનારા નથી. બહેનોએ મહાત્માની સામે ઉપસ્થિત થતાં પૂર્વે વેશની મર્યાદા અવશ્ય ધારણ કરવી.

૮. ‘‘આપ કયા ગામના ? કઇ જ્ઞાતિના ? કયા સમુદાયના ?’’ જેવા પ્રશ્નો કરવા નહીં. શ્રમણમાત્ર જિનશાસનના છે.

૯. કોઇ પ્રશ્ન/શંકા હોય તો ઉપાશ્રયે જઇ, વંદન કરી વડીલ મહાત્માને પૂછવો જોઇએ. વહોરવા પધારેલ મહાત્માને પૂછી લેવા તે અવિનય છે, અવિવેક છે.

૧૦.અશકત - બિમાર - વૃદ્ધ વિ. કારણ સિવાય માંગલિક સાંભળવાનો આગ્રહ રાખવો નહીં.

૧૧. પચ્ચક્ખાણ મહાત્મા પાસે લેવું હોય તો ઉપાશ્રયે જઇ વંદન કરીને લેવું જોઇએ. વહોરવા પધારેલા મહાત્મા પાસે લઇને પતાવવાની વૃત્તિ ન રાખવી.

૧૨.''મત્થએણ વંદામિ'' રૂપ ફિટ્ટાવંદન કરી શકાય પણ વિધિવત્ વંદન કરવું હોય તો ઉપાશ્રયે જવું.

૧૩.કદાચ રસોઇ તૈયાર ન હોય તો ''રસોઇ તૈયાર નથી'' કહીને દરવાજામાંથી મહાત્માને રવાના (!) ન કરી દેવા. અંદર પધારવાની વિનંતી કરીને સૂકું-પાકું-મીઠાઇ, ખાખરા-પુરી, ઘી-દૂધ-ગોળ-સાકર-છુંદો વિ. બધાની વિનંતી કરી શકાય.

ઘણીવાર એવું બને છે કે આવી વસ્તુનો ખપ હોવા છતાં જેના ઘરે રસોઇ તૈયાર હોય છે, તેને તેવું યાદ ન આવવાથી વિનંતી જ નથી કરતાં, અને જ્યાં રસોઇ તૈયાર ન હોય, તેને લાભ મળી જાય છે.

૧૪.જન્મ-મરણ વિ. સૂતકમાં સહુ સમુદાયોના આચારો જુદા જુદા છે એટલે તેવા પ્રસંગે પોતાના ઘરે જે પ્રસંગ થયો હોય, તેનું નિવેદન કરવું. પછી મહાત્માને કલ્પતું હોય, વહોરવા તૈયાર હોય તો ઉલ્લાસપૂર્વક લાભ લેવો; તેમાં શ્રાવકોને કોઇ દોષ નથી.

પ્રકરણ ૫
વહોરાવવું

સુપાત્રદાન એ પુણ્યબંધનો સર્વોત્કૃષ્ટ પ્રકાર છે. એનો લાભ મળે એટલે શ્રાવકના આનંદની સીમા ન રહે.

૧. બધાં જ દ્રવ્યોની વિનંતી કરવી જોઈએ. પાણી અને રસોઈ ઉપરાંત દૂધ, દહીં, ઘી, ગોળ, સાકર, મીઠાઈ, ફરસાણ, ખાખરા, છુંદો, બલવણ, મસાલા અને સાબુ, સાબુ પાવડર, વસ્ત્ર, પાત્ર વિ. ની પણ વિનંતી કરવાથી લાભ મળી શકે છે.

૨. વહોરાવવા માટે હાથ ધોવા નહીં. એક હાથ એંઠો/કોઈ વસ્તુવાળો હોય તો બીજા ચોખ્ખા હાથે વહોરાવી શકાય.

૩. નાહકના વધારાનાં ચમચા-ચમચી-તપેલી-વાટકી બગાડવા નહીં. નવા ચમચા વિ. લેવા પડે તો કોરાં લેવા, ભીનાં નહીં. ભીનાં હોય તે લૂછીને પણ ન લેવા.

૪. ઢોળાય કે વેરાય નહીં તેનું ધ્યાન રાખવું.

૫. ભક્તિભાવપૂર્વક વિનંતી કરવી, આગ્રહ કરવો; પણ મહાત્માને ખપ ન જ હોવા છતાં બળાત્કારે નાખી દેવું, પાતરા પકડી લેવા વિ. જબરદસ્તી કરવી તે ભક્તિ નથી.

ખપ ન જ હોય તેવી વસ્તુ મહાત્માને અનેક પ્રકારની મુશ્કેલી પણ ઊભી કરી શકે છે.

૬. બાળકોને વહોરાવવાનો ઉત્સાહ હોય છે. તેમને ''તને ન આવડે - ઢોળી નાખીશ.'' વિ. કહીને દૂર ન કરવા. સામેથી બોલાવી, હાથ

પકડીને વહોરાવતા શીખવાડવું, સંસ્કાર પાડવા. નહીં તો, મોટા થશે અને તમે ઘરમાં નહીં હો, તો ઘરે આવેલા મહારાજ સાહેબને કહી દેશે. ''ઘરમાં કોઇ નથી!''

૭. કોઇપણ વસ્તુ માટે ''આપ વાપરો છો ? ચાલશે ?'' વિ. પૂછવું નહીં. જે દ્રવ્ય તૈયાર છે (સચિત્ત નથી) તેની વિનંતી કરવી. મહાત્માને જે પૂછવું હશે, તે પૂછશે. નહીં ખપતું હોય તો નહીં વહોરે. કોઇ ચીજ ન વહોરે તો ''બાધા છે ? નથી વાપરતા ?'' જેવા પ્રશ્નો પણ કરવા નહીં.

૮. મહાત્માને લાભ મળે ત્યારે શ્રાવકનો ભક્તિભાવ એવો ઉછળતો હોય કે પોતાનો વિચાર કર્યા વિના બધું જ વહોરાવી દેવા ઉલ્લસિત થાય. મીઠાઇનો ડબો કે દૂધની તપેલી ઊંધી જ વાળે. રોટલીની આખી થપ્પી જ લે... અલબત્ત, મહાત્મા તે રીતે વહોરતા નથી; બધેથી થોડું થોડું જ વહોરે છે, પણ શ્રાવકના ભાવ તો વધુમાં વધુ લાભ લેવાના જ હોય... ''કેટલી રોટલી લઉં ?'' એમ ન પૂછે... ૨-૪ રોટલી ન લે... દાળ-શાક વાટકી/ડીશમાં કાઢીને ન લે.

૯. કોઇ પણ વસ્તુ લેતાં મૂકતાં કાચું પાણી, લીંબુ, શાકભાજી વિ. સચિત્તને અડી ન જવાય તેનું ધ્યાન રાખવું. અહીં એ ધ્યાન રાખવું કે વહોરાવવા જતાં, વહોરાવનાર વ્યક્તિ કે વહોરાવાતી વસ્તુને બીજી સચિત્ત વસ્તુનો સાક્ષાત્ સંઘટ્ટો થાય, તો સાધુ ભગવંતો વહોરતાં નથી. પણ સંઘટ્ટો પરંપરાએ હોય, અને તે રીતે વહોરાવાય કે તેમાં તે સચિત્ત વસ્તુ હલે નહીં / તેમાંના જીવોને કિલામણા ન થાય, તો મહાત્મા વહોરી શકે છે.

દા.ત.: a. ફ્રીજ વીજળીથી ચાલે છે, પણ ફ્રીજની ઉપર પડેલી વસ્તુ લેવામાં ફ્રીજમાં વહી રહેલ વીજળીના જીવોને કોઇ કિલામણા થતી નથી. તેથી તેવી વસ્તુ વહોરવામાં દોષ નથી.

b. જેના ખિસ્સામાં મોબાઈલ હોય કે હાથમાં ઘડિયાળ હોય તેવી વ્યકિત વહોરાવે તો તે વખતે મોબાઈલ કે ઘડિયાળમાં વહી રહેલ વીજળીના જીવોને પણ કિલામણા થતી નથી, તેથી તેવી વ્યક્તિના હાથે વહોરવામાં દોષ નથી.

c. આવું સ્થિર (ડગમગ ન થતાં) પાણીના માટલા પર પડેલ દહીંની તપેલી માટે પણ સમજી લેવું.

d. તેમ પ્લેટફોર્મ કે સ્થિર (હલે નહીં તેવા) ડાઈનિંગ ટેબલ પર દૂર શાકભાજી વિ. પડ્યા હોય તો પણ બીજી બાજુ પડેલી વસ્તુ માટે સમજી લેવું.

e. તેમ એક બર્નર ચાલુ હોય તેવા સ્ટવના બીજા બંધ બર્નર પર રહેલી વસ્તુ જો એવી રીતે લેવાય કે સ્ટવ હલે નહીં, તો તે પણ વહોરી શકાય છે.

f. તેમ નીચે ચૂલામાં સળગતા અંગારા હોય; ઉપર તપેલું પડ્યું હોય પણ તેને અંગારા અડતા ન હોય, તો તે તપેલું લઈને તેમાંની વસ્તુ વહોરાવે તો પણ વહોરી શકાય છે.

હકીકતમાં તો અંગારા કે જ્વાળા તપેલાને અડકતી હોય, પણ તપેલું મોટું / વજનદાર હોય કે તેમાંથી ચમચા વિ. થી લઈને વહોરાવવામાં તપેલું જરા પણ હલે નહીં અને જો વહોરાવતાં કણ / ટીપું અગ્નિમાં ન પડે તે રીતે વહોરાવાય તો પણ વહોરી શકાય છે.

આ વાત – **પિંડનિર્યુક્તિ** નામના આગમગ્રંથમાં જણાવેલી છે.

૧૦. સામાન્યથી કાચા પાણીવાળા ભીના હાથથી વહોરાવવામાં આવે, તો મહાત્મા વહોરતા નથી; પણ શાસ્ત્રોમાં ભીના હાથ પણ અમુક સમયમાં અચિત્ત થઈ જાય તેવું બતાવ્યું છે.

૧૧.વહોરાવ્યા પછી હાથ ધોવા નહીં. મહાત્મા એવી શ્રદ્ધા રાખીને જ વહોરતા હોય છે કે તમને આટલો વિવેક છે જ.

૧૨.વહોરાવ્યા પછી મહાત્મા પધારે ત્યારે ‘‘ફરી પધારજો, લાભ આપજો’’ વિ. શબ્દોથી ભાવપૂર્વક વિંનતી કરવી. મહાત્માની સાથે જવું; બીજા ઘરો બતાવવા, છેક ઉપાશ્રય સુધી જવું જોઈએ.

૧૩.પૂર્વના કાળમાં વ્યવસ્થા એવી હતી કે રોટલી બનાવીને લુખ્ખી જ રખાતી. પીરસતી વખતે જ ચોપડવામાં આવતી. તેના લીધે વહોરવા પધારેલ મહાત્માને આયંબિલ માટે લુખ્ખી રોટલીનો ખપ હોય તો સહજ જ નિર્દોષ લાભ મળી જતો. હવે મોટે ભાગે રોટલી બનાવતી વખતે જ ચોપડી દેવામાં આવે છે. એના કારણે તપસ્વી (જે ૧૦૦-૨૦૦ ઓળીના પણ તપસ્વી હોઈ શકે, જીવનભર આયંબિલ કરનારા હોઈ શકે, વર્ષમાં ૬-૮ મહિના આયંબિલ કરનારા હોઈ શકે) મહાત્માઓના ઉત્તમ કોટિના લાભથી વંચિત રહી જવાય છે.

૧૪. કોઈપણ મહાત્માનું નામલઈને કોઇ વસ્તુ વહોરાવવી નહીં. દા.ત. ‘‘આ બાળમુનિ / ઘરડા મહારાજ / તપસ્વી / બિમારને ચાલશે’’ એમ કહીને વહોરાવવું નહીં.

તે જ રીતે, ‘‘ત્રણ ઠાણા છો, તો ત્રણ રોટલી તો લો - બધાની એક એક’’ એવી રીતે ગણતરી કરીને વહોરાવવું નહીં.

પ્રકરણ - ૬

મૂંઝવણોના ઉકેલ

પ્રશ્ન : મહાત્માને શું ખપે ? શું ન ખપે ? તેની અમને ખબર જ નથી પડતી. તો બધાની વિનંતી કરવી ? શેની કરવી - શેની નહીં ?

ઉત્તર : મહાત્માઓ મુખ્યત્વે ત્રણ પ્રકારની વસ્તુઓ વહોરતા નથી.

૧. સચિત્ત - જેમાં જીવ હોય તેવી વસ્તુઓ જેમ કે કાચું પાણી, કાચું મીઠું, બીવાળાં ફળ, સુધાર્યા વિનાનાં ફળ...

૨. સંસક્ત - જેમાં જીવોત્પતિ થઇ હોવાની સંભાવના હોય તેવી વસ્તુ જેમ કે દ્વિદળ (કાચા દૂધ, દહીં + કઠોળ), વાસી કાચી મીઠાઇ (બંગાલી મીઠાઇ, કાચો માવો, કાચી ચાસણીની મીઠાઇ વિ. બીજે દિવસે વાસી થાય)

૩. દોષિત - સાધુ ભગવંતો માટે જ બનાવેલ વસ્તુ.

તે ઉપરાંત કંદમૂળ વિ. માંથી બનાવેલ વસ્તુઓ વહોરતા નથી.

આ સિવાયની કોઇપણ વસ્તુની વિનંતી મહાત્માને નિઃસંકોચપણે કરવી. તેમને કલ્પતું હોય તો વહોરશે, નહીં કલ્પતું હોય તો નહીં વહોરે... પણ ''તેમને નહીં ખપે'' તેવું વિચારીને વિનંતી જ ન કરવામાં તો તમને મળી શકતા લાભને પણ તમે ગુમાવો, તેવું બની શકે.

પર્વતિથિની માન્યતા અને અનેક દ્રવ્યોની કલ્પ્યતા - અકલ્પ્યતા બાબતમાં જુદા જુદા સમુદાયોમાં સામાચારીનો ભેદ પણ છે. એટલે વિનંતી કરવાથી તેમને ખપતું હોય તો તમને લાભ મળી જ શકે છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવું કે સાધુ ભગવંતોના આચારો - કલ્પ્યાકલ્પ્યના નિયમો, શ્રાવકો કરતા જુદા છે, કારણ કે શ્રાવકો પોતાને જોઈતી વસ્તુ બનાવી શકે છે. સાધુએ નિર્દોષ મેળવવાનું છે. એટલે એવી અનેક વસ્તુઓ છે કે જે શ્રાવકને માટે અકલ્પ્ય હોવા છતાં સાધુને માટે કલ્પ્ય છે. જેમ કે વર્તમાનમાં આયંબિલમાં નિર્દોષ ગોચરી વાપરનાર સાધુ ભગવંતો તેલનું સામાન્ય મોણ નાખેલ રોટલી-ખાખરા વહોરે છે; પણ શ્રાવકોને આયંબિલમાં ખપતા નથી.

એટલે,

૧) સાધુ ભગવંત વહોરે છે, એટલે અમને પણ ખપે, એવું ક્યારેય માની લેવું નહીં. અને

૨) જે વાપરવાનો તમને નિષેધ કર્યો હોય, તેવી જ વસ્તુ સાધુ ભગવંત વહોરે, તો તેટલા માત્રથી તેમને હીન આચારવાળા માની લેવા નહીં.

સચિત્ત - સંસક્ત વસ્તુ ભૂલથી વહોરાવાઈ ગઈ હોય, અને સાધુ ભ. ને પાછળથી ખબર પડે, તો તેઓ ગૃહસ્થને તે વસ્તુ પાછી આપે તેવો તેમનો આચાર છે. તેવા અવસરે પાછી લેવાનો ઈનકાર કરવો નહીં.

છેલ્લે એક ખાસ ધ્યાનમાં રાખવું કે સાધુ ભગવંતોને ક્યારેય - કારણવશાત્ નાનો દોષ લાગતો હોય તો પણ વહોરવું જરૂરી હોય તો વહોરે છે. એ તેમના માટે અપવાદમાર્ગ છે અને તેવું વહોરાવવામાં શ્રાવકને લાભ છે, માટે સચિત્ત - સંસક્ત સિવાયના દ્રવ્યોની વિનંતી અવશ્ય કરવી.

પ્રશ્ન : સાધુ ભગવંતો પોતાના માટે જ બનાવેલ વસ્તુ વહોરે નહીં. તો કોઈ મહાત્મા અમને કોઈ વસ્તુ બનાવવાની સૂચના કરે, તો શું કરવું ? અમે તેવી વસ્તુ બનાવીને વહોરાવીએ, તો અમને લાભ થાય કે નુકસાન ? મહાત્માએ સૂચના ન કરી હોય, પણ મહાત્મા આસપાસના

બિલ્ડીંગમાં પધાર્યા છે એવી ખબર પડે, કે પધારવાની સંભાવનાથી ભક્તિ માટે ખાસ દ્રવ્યો બનાવીને વહોરાવીએ, તો અમને લાભ થાય કે નુકસાન ?

ઉત્તર : પહેલી વાત એ સમજી રાખો કે પરમાત્માના શાસનમાં ઉત્સર્ગ અને અપવાદ એમ બે પ્રકારના માર્ગ છે. પોતાના માટે જ બનાવેલ વસ્તુ ન વહોરવી એ સાધુ ભગવંતો માટે ઉત્સર્ગ માર્ગ છે; તેમ, કારણ હોય તો, તેવી દોષિત ગોચરી વાપરવી, તે અપવાદ માર્ગ છે; ભગવાનની આજ્ઞા છે. તેવું કરનાર સાધુ ભ. પણ કર્મની નિર્જરા જ કરે છે; પુણ્ય જ બાંધે છે; યાવત્ કેવળજ્ઞાન પણ પામી શકે છે. તે કારણો અનેક પ્રકારના હોઈ શકે છે, જેમ કે

૧. બિમાર સાધુ માટે વિશિષ્ટ દ્રવ્યો જરૂરી હોય.

૨. વૃદ્ધ સાધુને અમુક જ દ્રવ્યો માફક આવતા હોય, બીજા ન પચતા હોય.

૩. પ્રવચનકાર / વાચનાદાતા / સંઘના સુકાની એવા મહાત્માને આરોગ્ય સાચવવા અમુક જ દ્રવ્યો વાપરવા જરૂરી હોય.

૪. માસક્ષમણાદિ વિશિષ્ટ તપશ્ચર્યાના પારણામાં અમુક જ દ્રવ્યો પચી શકે.

૫. સમુદાય મોટો હોય, ઘરો ઓછાં હોય.

૬. વિહારના ક્ષેત્રોમાં ઘરો જ ન હોય.

૭. બાળમુનિ માટે ખાસ દ્રવ્ય જરૂરી બન્યું હોય.

૮. સાંજના સમયસર ગોચરી મળતી ન હોય.

૯. વરસાદ ચાલુ હોવાના / આવવાની સંભાવવાના કારણે નજીકના ઘરોમાંથી જ ગોચરી વહોરવી પડે તેમ હોય.

આવા અને બીજા યોગ્ય કારણે મહાત્મા પોતાના માટે જ બનાવ્યું છે તેવું જાણવા છતાં વહોરે કે બનાવવાની સૂચના કરે, તે સંભવિત છે. તેવા વખતે વહોરનાર - વહોરાવનાર બંનેને એકાંતે માત્ર લાભ છે, નુકસાન જરા પણ નથી. એટલે તેવા અવસરે શ્રાવકે અપાર ભક્તિભાવથી વહોરાવવું જ જોઈએ.

બીજું એ પણ સમજવું કે કદાચ સાધુ તેવા કોઈ યોગ્ય કારણ વિના જ દોષિત ગોચરી વાપરી રહ્યા હોય (યાદ રાખો કે કારણ હોવાની સંભાવના શક્ય છે જ, પણ માની લઈએ કે કારણ નથી જ, તેની તમને ખાતરી છે) તો તેમને દોષ લાગે છે; પણ તેથી કંઈ તેઓ સાધુ મટી જતા નથી.

શાસ્ત્રકારોએ નિર્દોષ ગોચરી એ સાધુનો ઉત્તરગુણ બતાવ્યો છે. જેના મૂળગુણ (મહાવ્રતો) સુરક્ષિત છે, તેવા સાધુના ઉત્તરગુણમાં ખામી હોય તો તેમાં અતિચાર લાગે છે, પણ સાધુપણું નાશ પામતું નથી.

એટલે તેમને શિથિલાચારી માનવા નહીં... અવંદનીય ન માનવા...દુર્વ્યવહાર કરવો નહીં... નિંદા કદાપિ ન કરવી. બીજા પાસે તે દોષો ગાવા નહીં.. પ્રગટ ન કરવા.

કાળ અત્યંત વિષમ છે. જીવ અનાદિના કુસંસ્કાર લઈને બેઠેલો છે, એટલે સાધુ ભગવંતો પણ ક્યારેક ઈચ્છા થાય, વૈરાગ્ય નબળો પડે, સત્ત્વ ઘટે, તો પ્રમાદ કરે, અતિચાર સેવે તેવું બની શકે છે.

હવે તમારો પ્રશ્ન જે છે કે શ્રાવકને દોષિત વહોરાવવામાં લાભ કે નુકસાન ? તો તે અંગે જણાવવાનું કે

૧. નિર્દોષ ગોચરી વહોરાવનારને અને યોગ્ય કારણસર દોષિત પણ વહોરાવનારને એકાંતે વિશિષ્ટ લાભ-પુણ્યબંધ અને કર્મનિર્જરા જ થાય છે.

૨. જેને ખબર જ નથી કે સાધુ ભગવંતોને પોતાના માટે બનાવેલું ન કલ્પે, તેવા (અજૈનો કે તેના જેવા અજ્ઞાની જૈનો) ભક્તિથી દોષિત વહોરાવે, તો તેમાં તેમને નુકસાન નથી થતું, પણ ઉપર જણાવેલ લાભની અપેક્ષાએ ઓછો લાભ થાય છે, કારણકે તેમની પાસે વિવેક નથી.

૩. તે સિવાયના જીવો માટે શાસ્ત્રકારોએ તેમના પરિણામના આધારે લાભ-નુકસાન બતાવ્યા છે. તે વિષય અતિગહન છે; જિજ્ઞાસુઓએ ગીતાર્થ ગુરુભગવંતો પાસે સમજવું.